જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૦૩/૨૦૧૬ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધીધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૨૦/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી ૨૯ વ્યક્તિઓને ઝડપી ૧૦૬ લીટર દેશી દારૂ, ૦૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૨ બિયર ટીન અને ૦૧ મોટર સાયકલ કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૨૧/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**અપહરણ :-** **સમાચાર યાદી નં.૪૨૨/૧૬**

**વાડજ :** શારદાબહેન જગદીશભાઇ રાવત (રહે.ભાણજીભાઇનાં પીઠા પાછળ, રામાપીરનો ટેકરો, જુના વાડજ) એ તા.૨/૩/૧૬ નારોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૨/૧૬ રાતનાં ૧૨/૦૦ વાગ્યાના સુમારે રસોડાનું કામ કરીને પરત ફરતાં, રહેણાંક નજીકથી પોતાની પુત્રી વૈશાલીબહેન (ઉ.વ.૧૪) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.જી.રાઠોડ ચલાવે છે.

**દુષ્પ્રેરણની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૪૨૩/૧૬**

**સોલા હાઇકોર્ટ :** શ્રધ્ધાબહેન તેજસભાઇ વોરા (રહે.આર્યન પ્રાઇડ વંદેમાતરમ ચાર રસ્તા પાસે, ગોતા) એ તા.૨/૩/૧૬ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સી.જી.રોડ, એન્જલ બ્રોકિંગ ખાતે પ્રકાશભાઇ નામના વ્યક્તિએ શ્રધ્ધાબહેનનાં પતિ તેજસભાઇને કંપનીનાં માલ માટે જવાબદાર ઠેરવી વારંવાર માલનાં પૈસાની ઉઘરાણી કરી, ધમકી આપી આત્મહત્યા કરવા માટે દુષ્પ્રેરણ કરતાં, તેજસભાઇએ આત્મહત્યા કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.કે.અસોડા ચલાવે છે.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૪૨૪/૧૬**

**સરખેજ :** કોત્સુભ રવિન્દ બરવે (રહે,યશવસીન પ્લોટ નં.૩૮, સેક્ટર-૨૭, ખરઘર નવી મુંબઇ) એ તા.૨/૩/૧૬ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧૦/૧૫ નારોજ અજાણ્યા ઇસમે પોતાની ઓળખ નીખીલભાઇ ભુપેન્દ્રભાઇ પરીખનાં પુત્ર તરીકે આપી, સરખેજ એસ.જી.હાઇવે ઉપર આવેલ ટોયેટા ફાયનાન્સની ઓફીસ ખાતેથી ફોરચ્યુન ગાડી લેવા સારૂ રૂપિયા ૨૦,૦૦,૦૦૦/- ની લોન મેળવવા સારૂ ખોટા દસ્તાવેજો રજુ કરી લોન મેળવી, ટોયેટા ફાયનાન્સ કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.ધાધલ્યા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**નરોડા :** રાજેન્દ્રભાઇ રામચંદ્રભાઇ વૈષ્ણવ (રહે,ધન્યવાદ એપાર્ટમેન્ટ, ધર્મનગર, સાબરમતી) એ તા.૨/૩/૧૬ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૨/૧૬ થી તા.૧૬/૨/૧૬ સુધીનાં સમયગાળા દરમ્યાન નાના ચિલોડા, ઉમિયા ભોજનાલયની બાજુમાં, ૪૦ થી ૪૫ વર્ષની રમીલાબહેન નામની અજાણી સ્ત્રી, ૪૦ વર્ષના આશરાનો પુરૂષ અને ૨૦ વર્ષના આશરાનાં છોકરાએ ભેગામળી રાજેન્દ્રભાઇને સસ્તુ સોનું ખરીદવાની લોભામણી વાતો કરી, ખોટી પીળી ધાતુની મગમાળા બતાવી તેમજ બે સાચા સોનાના મણકા બનાવી આપી, રાજેન્દ્રભાઇ પાસેથી કુલ રૂપિયા ૪,૦૦,૦૦૦/- મેળવી લઇ, રાજેન્દ્રભાઇ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.ડી.પરમાર ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૪૨૫/૧૬**

**રિવરફ્રંટ વેસ્ટ:** આભાભાઇ પ્રતાપજી પરાડીયા (ઉ.વ.૫૬)(રહે.કાજીમીયાની ચાલી, શાહપુર ફાયર સ્ટેશન પાછળ) એ કોઈ કારણસર તા.૨/૩/૧૬ બપોરના ૧/૫૫ વાગ્યા પહેલા ગાંધીબ્રીજ ઉપરથી સાબરમતી નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ખોડાભાઇ અરજણભાઇ ચલાવે છે.

**ગુમ થવા બાબત:** **સમાચાર યાદી નં.૪૨૬/૧૬**

| | |
|---|---|
| **વટવા:** ગોપાલભાઈ વિરબહાદુર થાપા (ઉ.વ.૨૨)(રહે.મીલીયન એસીડ કંપની, નારોલ વટવા) તા.૯/૧૦/૧૫ કલાક ૮/૦૦ વાગ્યાના સુમારે ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મજબુત બાંધાના અને ઘઉવર્ણા છે. સફેદ રંગનુ શર્ટ અને વાદળી રંગનુ જીન્સ પેન્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ છે.(વટવા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૭૧૦૦૭૪) |  |
| **વટવા:** ભુવનકુમાર ભગવતીપ્રસાદ શર્મા (ઉ.વ.૧૬)(રહે.માંગીલાલના મકાનમાં, મોહન બિલ્ડીંગ, મટનગલી, નારોલ વટવા) તા.૮/૧૦/૧૫ કલાક ૮/૦૦ વાગ્યાના સુમારે ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મજબુત બાંધાના અને ઘઉવર્ણા છે. સફેદ રંગનુ ટી-શર્ટ અને કાળા રંગનુ જીન્સ પેન્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ છે.(વટવા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૭૧૦૦૭૪) |  |
| **બાપુનગર:** રિધ્ધીબહેન અંબાલાલ મહંત (ઉ.વ.૨૨)(રહે.ભાવના સોસાયટી પાછળ, બાપુનગર) તા.૧૪/૨/૧૬ નારોજ ઘરેથી ક્યાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. સફેદ રંગનુ ટોપ અને વાદળી રંગની લેગીઝ પહેરી છે. ઉંચાઇ ૫ ફુટ ૪ ઇંચ છે. (બાપુનગર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૭૦૦૫૮૫) |  |
| **વટવા:** સીતા ઉર્ફે ઢબુ ગોતાજી ઠાકોર (ઉ.વ.૧૯)(રહે.ઠાકોરવાસ, મોતીપુરા ચોકડી, શાહવાડી, વટવા) તા.૧૫/૨/૧૬ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. મહેંદી રંગનો ડ્રેસ પહેર્યો છે. ઉંચાઈ ૫ ફુટ છે. (વટવા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૭૧૦૦૭૪) |  |
| **વટવા:** ભાવના ઉર્ફે ભાવુ સોમાભાઇ ભરવાડ (ઉ.વ.૧૯)(રહે.ભરવાડવાસ, સિકોતરમાતા નાં મંદિરની બાજુમાં, પીપળજ તા.દસ્ક્રોઇ, જી.અમદાવાદ) તા.૧૪/૨/૧૬ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. મરૂણ રંગનો ડ્રેસ પહેર્યો છે. ઉંચાઈ ૫ ફુટ છે. (વટવા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૭૧૦૦૭૪) |  |



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

| | |
|---|---|
| **નારણપુરાઃ** નિલમભાઈ મહેશભાઇ શાહ (ઉ.વ.૩૦)(રહે.સરદાર પટેલ કોલોની, નારણપુરા) તા.૫/૨/૧૬ સવારના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મજબુત બાંધાના અને ઘઉવર્ણા છે. શર્ટ અને પેન્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ ૬ ઈંચ છે.(નારણપુરા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૬૪૪૯૪૯) |  |
| **ખાડીયા :** કેશવભાઈ મનોજભાઈ પટેલ(ઉ.વ.૨૫)(રહે.નારાયણ એપાર્ટમેન્ટ, મોટેરા) તા.૪/૨/૧૬ નારોજ સારંગપુર સરકીવાડ ખાતેથી ગુમ થયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. વાદળી રંગનુ શર્ટ અને જીન્સ પેન્ટ પહેર્યુ છે. છાતી ઉપર હર્ષિદા કોતરાવેલ છે. ઉંચાઈ ૫ ફુટ ૫ ઈંચ છે. (ખાડીયા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૧૪૨૮૨૮) |  |
| **જીઆઈડીસી વટવાઃ** કવિતાબહેન શિવાજી ગાયકવડ (ઉ.વ.૨૧)(રહે.ચાર માળીયા, ત્રીકમપુરા, જશોદાનગર, જીઆઈડીસી વટવા) તા.૩૦/૧/૧૬ ના કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે ઘરેથી કયાક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને શ્યામવર્ણા છે. વાદળી રંગનું જીન્સ તથા પીળા રંગનું ટોપ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ છે. (જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન નંબર ૨૫૮૩૦૦૦૪) |  |
| **સોલા હાઈકોર્ટઃ** વિજયભાઇ વિઠ્ઠલભાઈ પરમાર (ઉ.વ.૩૨)(રહે.કબુતરખાના, વસંતનગર ટાઉનશીપ, ગોતા) તા.૭/૨/૧૬ ના કલાક ૯/૩૦ વાગ્યાના સુમારે ગોતા ઓવરબ્રીજ નજીકથી ગુમ થયેલ છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. ખાખી રંગનું પેન્ટ અને ચોકડી ડિઝાઇનનો શર્ટ પહેર્યો છે. ઉંચાઈ ૫ ફુટ ૩ ઇંચ છે. (સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૬૬૪૫૯૦) |  |
| **નિકોલ :** રાકેશ ઉર્ફે પ્રકાશ મનસુખભાઇ ચુનારા (ઉ.વ.૧૯)(રહે, મોટો ચુનારાવાસ, કઠવાડા ગામ) તા.૬/૨/૧૬ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી ગુમ છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. સફેદ રંગનો ચોકડીવાળો શર્ટ અને વાદળી રંગનું જીન્સ પેન્ટ પહેર્યુ છે. ઉંચાઇ ૫ ફુટ ૫ ઇંચ છે.(નિકોલ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૭૧૦૯૧) |  |

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)